મહેસાણા જિલ્લામાં શાંતિપૂર્ણ મતદાન

મહેસાણા, તા. ૨૮

આજે મહેસાણા જિલ્લા પંચાયત, દસ તાલુકા પંચાયતો અને જિલ્લાની ચાર નગરપાલિકાઓની યોજાયેલ સામાન્ય ચૂંટણી એકંદરે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીમાં અંદાજે ૬૫ થી ૬૭ ટકા અને ચાર પાલિકાઓની ચૂંટણીમાં અંદાજે ૬૩ થી ૬૫ ટકા જેટલુ મતદાન થયુ હોવાનો અંદાજ મુકાયો છે.

મહેસાણા જિલ્લામાં યોજાયેલ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સવારના સમયે મતદાનની ધીમી ગતી હતી. પરંતુ બપોર બાદ શહેરી અને ગ્રામ્યવિસ્તારોમાં મતદારો ઉમટ્યા હતા જેથી મતદાન મથકોએ સ્ત્રી અને પુરૂષ મતદારોની લાઈનો લાગી હતી. બાદ મતદાનના અંતિમ કલાકોમાં મતદારોનો ધસારો ઓછો રહ્યો હતો. આજે ચૂંટણી દરમિયાન ઊંઝા નગરપાલિકાના કેટલાક વોર્ડમાં તેમજ મતદાન મથકની બહારના ભાગે બોલાચાલી-ઘર્ષણના છૂટા છવાયા બનાવો બન્યા હતા.

મહેસાણા જિલ્લા પંચાયતની કુલ ૪૨ પૈકી ૪૧ બેઠકો, દસ તાલુકા પંચાયતો કડી, ઊંઝા, ખેરાલુ, જોટાણા, બેચરાજી, મહેસાણા, વડનગર, વિજાપુર, વિસનગર અને સતલાસણાની કુલ ૨૧૬ બેઠકોમાં નવ બેઠકો બિનહરીફ થતાં કુલ ૨૦૭ બેઠકો અને ચાર નગરપાલિકાઓ કડી, મહેસાણા, ઊંઝા અને વિસનગર પાલિકાઓની કુલ ૧૫૨ બેઠકો પૈકી ૧૨૪ બેઠકો પર મતદાન યોજાયુ હતુ. ચાર પાલિકાની યોજાયેલ ચૂંટણીઓમાં સૌથી વધુ ૭૫ ટકા જેટલુ મતદાન ઊંઝામાં થયુ હતુ.

મેઘરજ પુંજાપૂરના ૧૦૫ વર્ષીય વૃદ્ધાનું મતદાન

શતાયુ વૃદ્ધા મહિલા સહિત આ વૃદ્ધો બન્યા યુવાનો માટે પ્રેરણા

અરવલ્લી જીલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં મતદાતાઓમાં ભારે નીરસતા જોવા મળી રહી છે પાંખા મતદાન છતાં શતાયુ મતદાતાઓ એ મતદાન કર્યું હતું વૃદ્ધ અને અશકત મતદારો યુવાનોને અનોખી શીખ આપી હતી સ્થાનીક

સ્વરાજયની ચૂંટણીમાં યુવાનોની સાથે વૃદ્ધોએ મતદાન કર્યુ હતું અશકત વૃદ્ધો પરિજનો સાથે મતદાન બુથ પર નજરે પડ્યા છે. મેઘરજના પુંજાપૂર ગામના ૧૦૫ વર્ષીય વૃદ્ધા પરિવારજનો સાથે મતદાન મથક પર પહોંચી મતદાન કર્યું હતું મોડાસા નાગરપાલિકાની ચૂંટણીમાં પણ શતાયુ મતદાતાઓએ મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કરવા આહવાન કર્યું હતું

મેઘરજ તાલુકાના પુંજાપૂર ગામના ૧૦૫ વર્ષીય બેનીબેન હીરાભાઈ પટેલ વહેલી સવારે તેમના પરિવારજનોની મદદથી મતદાન મથક પર મત આપવા પહોંચતા ચૂંટણી અધિકારીઓ અને કર્મચારીઓ પણ વૃદ્ધાની મદદ માટે તત્પર બન્યા હતા મતાધિકારનો ઉપયોગ કર્યા પછી જીલ્લાના મતદારોને મતદાન અવશ્ય કરવાનું આહવાન કર્યુ હતું મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં ૯૫ વર્ષીય હુસેનાબીબી મલેક નામના વૃદ્ધા તેમના પરીવાર સાથે મતદાન મથક પર પહોંચી ઉત્સાહ પૂર્વક મતાધિકારનો ઉપયોગ કર્યો હતો શતાયુ અને વૃદ્ધ મતદાતાઓ મતદાન કરી યુવાનોને મતદાન કરવા માટે અનોખી શીખ પુરી પાડી હતી.

લિહોડા નજીક ડમ્પર-ક્રેટા કાર વચ્ચે અકસ્માત : તબીબ દંપતિ ભડથું

બાયડના ડો.મયુર શાહ પોતાની પત્ની સાથે બાયડ જઈ રહ્યા હતા, તે સમયે માર્ગમાં અકસ્માત નડ્યો, ડમ્પરની જોરદાર ટક્કર બાદ કારમાં અચાનક આગ ભભુકી ઉઠી, અકસ્માતને પગલે બાયડ-દહેગામ માર્ગ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા,

ગાંધીનગર, તા.૨૮

દહેગામ-બાયડ માર્ગ પર બપોરના સમયે લિહોડા નજીક ડમ્પર-ક્રેટા કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ ડમ્પર માર્ગની બાજુમાં નીચે ઉતરી ગયું હતું અને ઝાડ સાથે ટકરાતા ઝાડ પણ પડી ગયું હતું. જયારે કારમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. કારમાં લાગેલી આગે રોદ્ર સ્વરુપ ધારણ કરતા બાયડનું ડોકટર દંપતિ કારમાં જ ભડથું થઈ ગયા હતા. ડોકટર દંપતિના મૃત્યુના સમાચાર જાણીને બાયડ શહેર ડોકટર આલમમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. જયારે સળગતી કાર જોઈને અન્ય વાહનચાલકોના પણ જીવ અધ્ધર થઈ ગયા હતા. બનાવને પગલે માર્ગ પર દુરદુર સુધી ગાડીઓની લાઈન લાગતા ટ્રાફિક જામ થઈ ગયો હતો. જયારે બનાવ અંગે રખીયાલ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બાયડ શહેરના

જાણીતા સ્ત્રી રોગ નિષ્ણાંત ડો. મયુર શાહ અને તેમના પત્ની ડો.પ્રેરણા શાહ શનિવારના રોજ સામાજીક કામ હોવાથી બાયડ થી કાર લઈને અમદાવાદ આવ્યા હતા. અમદાવાદ ખાતે રાત્રી રોકાણ બાદ બાયડ નગર પાલિકાની ચુંટણીને પગલે મતદાન કરવાનું હોવાથી તેઓ પોતાની ક્રેટા કાર નં. જી.જે.૩૧.ડી. ૧૭૪૬ લઈને બાયડ જવા માટે નીકળ્યા હતા. દહેગામ થી બાયડ હાઈ વે પર કાર પસાર થઈ રહી હતી ત્યારે લિહોડા ગામ નજીક ડમ્પર અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત ગણતરીની મિનીટોમાં જ કારમાં આગ લાગી હતી. આગની જવાળાઓમાં કાર સહિત ડોકટર દંપતિ પણ કારમાં ભડથુ થઈ ગયા હતા. જયારે ડમ્પર નં. જી.જે.૦૨.ઝેડઝેડ.-૫૭૧૧ અકસમાત બાદ માર્ગની બાજુમાં નીચે ઉતરી ગયું હતુ અને ઝાડ સાથે ટકરાતા તે પણ તુટીને નીચે પડ્યું હતું.

આ ગમખ્વાર અકસ્માતને પગલે ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. કાર સળગતી હોવાથી માર્ગ પર વાહનોના ખડકલાને લઈ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. માર્ગ પર કાર એક કલાક જેટલો સમય સળગતી રહી હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતના પ્રારંભિક સમયે કારમાં ચાર વ્યકિત સવાર હોવાનું સામે આવ્યું હતું. પરંતુ મૃતકના દિકરાના સંપર્ક પછી કારમાં તેમના માતા-પિતા હોવાનું જાણવા મળ્યું હતું.ડોકટર દંપતિના મૃત્યુંને પગલે બાયડ તબીબી આલમ અને સ્વામીનારાયણ સોસાયટીના રહીશોમાં પણ શોકની કાલીમાં છવાઈ ગઈ હતી. જયારે રવિવારનો દિવસ બાયડ તબીબી આલમ માટે કાળમુખો સાબિત થયો તેમ કહી શકાય.

બનાસકાંઠામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં આશરે ૬૩ ટકા મતદાન

બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની પાલનપુર, ડીસા, ભાભર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા થરા નગરપાલિકાની વોર્ડ નં. ૧ (બીજી, ત્રીજી) અને ધાનેરા નગરપાલિકાની વોર્ડ નં.૩ (બીજી), કાંકરેજ તાલુકા પંચાયતની ૧૪-માંડલા તથા દાંતીવાડા તાલુકા પંચાયતની ૯- મોટીમહુડીની પેટા ચૂંટણીમાં શાંતિપૂર્ણ માહોલમાં સરેરાશ આશરે ૬૩ ટકા જેટલું મતદાન થયું હતું.

બનાસવાસીઓએ શાંત માહોલમાં સવારથી ખુબ આનંદ અને ઉત્સાહપૂર્વક મતદાન કર્યુહતું. સાંજે-૬.૦૦ વાગ્યા સુધી ભાભર નગરપાલિકાની ચૂંટણીમાં જિલ્લામાં સૌથી વધુ ૭૪.૫૨ ટકા બમ્પર મતદાન થયું હતું. જયારે પાલનપુર નગરપાલિકા ચૂંટણીમાં ૫૬.૪૬ ટકા મતદાન અને ડીસા નગરપાલિકા ચૂંટણીમાં આશરે ૬૦ ટકા જેટલું મતદાન થયું હતું. થરા નગરપાલિકા પેટા ચૂંટણીમાં ૬૩.૮૯ ટકા અને ધાનેરા નગરપાલિકાની પેટા ચૂંટણીમાં ૬૨.૫૨ ટકા મતદાન થયું હતું. માંડલા તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં ૬૯.૮૧ ટકા જેટલું મતદાન નોંધાયું હતું. જયારે મોટી મહુડી તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં સાંજે-૫.૦૦ વાગ્યા સુધીમાં ૬૪.૮૮ ટકા મતદાન નોંધાયું હતું.

જિલ્લાની ત્રણ પાલનપુર, ડીસા અને ભાભર નગરપાલિકા સહિત તાલુકા પંચાયતની પેટા ચૂંટણીના ગ્રામ્ય વિસ્તારમાં પણ સવારથી જ ઘણા સ્થડળોએ મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી. બનાસકાંઠા જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી આનંદ પટેલની સુચના અને માર્ગદર્શન અનુસાર જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ દ્વારા કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે ખુબ સરસ ચૂંટણીલક્ષી વ્યરવસ્થાવઓ ગોઠવવામાં આવી હતી. વર્તમાન પરિસ્થિતિમાં મતદાન મથકમાં પ્રવેશ પહેલાં દરેક મતદારનું ટેમ્પ્રેચર ગનથી તાપમાન ચેક કરી, હેન્ડ સેનેટાઈઝેશન કરવામાં આવ્યું હતું. ચૂંટણીમાં રોકાયેલા તમામ કર્મચારીઓ પણ કોવિડ-૧૯ની ગાઈડ લાઈન પ્રમાણે સજ્જ થઈને ફરજમાં જોડાયા હતાં. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં લોકો આનંદ અને ઉત્સાહથી આ લોકશાહીના પર્વમાં મતદાન કરી ભાગીદાર બન્યાં હતાં.

નાયબ મુખ્યમંત્રીએ મતદાન કર્યુ

નીતિનભાઈ પટેલે આજે સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંતર્ગત કડી નગરપાલિકાના જનસુવિધા કેન્દ્ર ખાતે પરિવાર સાથે મતદાન કરીને લોકશાહીની પવિત્ર ફરજ નિભાવી હતી. આજના દિવસે તમામ નાગરિકોને પણ પોતાના મતાધિકારનો મહત્તમ ઉપયોગ કરી લોકતંત્રમાં પોતાની સહભાગીતાને મજબૂત રીતે નોંધાવી સમાજના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ હેતુ આપનાં વિસ્તારમાં આપને સબળ નેતૃત્વ પ્રદાન કરે તેવા લોકપ્રતિનિધિઓને પોતાના અમૂલ્ય મત થકી ચૂંટવા આહવાન કર્યુ હતું.

રાજ્યમાં જિલ્લા-તાલુકાઓમાં ઠેર ઠેર ચૂંટણીનો બહિષ્કાર કરાયો

રાજ્યના વલસાડ, છોટાઉદેપુર, આણંદ, અમરેલી, ભુજ અને મહીસાગર જિલ્લાના અનેક ગામો સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનો બહિષ્કાર કરાયો

આજે જિલ્લા, તાલુકા અને નગરપાલિકાની ચૂંટણીમાં અનેક સ્થળોએ ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. પંચમહાલના કાલોલ તાલુકા શક્તિપુરા વસાહત ૨ માં મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો. મતદાનનેઅડધોદિવસ વીત્યા બાદ પણ મતદાન મથકમાં એક પણ વોટ પડ્યો નથી. નર્મદા ડેમના વિસ્થાપીતોને આ મથકમાં વસાવવામાં આવ્યા છે. સ્થાનિકોને એક પણ સરકારી યોજનાઓનો લાભ નથી મળતો. ત્યારે પ્રાથમિક સુવિધાઓના અભાવ અને જમીન પોતાના નામે નહિ સ્થાનિકોએ વિરોધ વ્યક્ત કર્યો છે.

વલસાડના ઉમરગામ તાલુકાના નારોગલ ગામના લોકોએ મતદાનનો બહિષ્કાર કર્યો. સ્થાનિક લોકો દ્વારા મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. બે દિવસ પહેલા ગામમાં લગ્નમાં ડીજે વગાડવા બાબતે પોલીસ દ્વારા હેરાનગતિ કરવામાં આવી હતી. જેથી ગુસ્સે થયેલા ગામજનોએ મતદાનનો બહિષ્કાર

કર્યો છે. છોટાઉદેપુર જિલ્લાના કુંડી-ઉચાકલમ ગામે ચૂંટણી બહિષ્કારની ઘટના બની છે. ૫૧૩ મતદારો પૈકી એકપણ મતદારે અહીં મતદાન ન કર્યું. ગામ કોઈ પંચાયતમાં સમાવિષ્ટ ના હોવાથી વિકાસથી વંચિત છે. આઠ વર્ષ પહેલાં સંખેડા તાલુકાના વિભાજન બાદ પંચાયત વિહોણું ગામ બન્યું છે. ગ્રામજનો મુજબ ગામ કોઈ તાલુકામાં પણ સમાવિષ્ટ નથી. તેથી ગામના મતદારોએ ચૂંટણીના બહિષ્કાર કરીને પોતાનો વિરોધ દર્શાવ્યો છે. આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના ડભાસી ગામના લોકોએ ચૂંટણી બહિષ્કાર કર્યો છે. ૩૯૨૪ મતદારોએ આજે મતદાન કર્યુ નથી. ૧ વાગ્યા સુધી એક પણ મત પડ્યો નથી. થોડા દિવસ અગાઉ ડભાસી ગામના લોકોએ નાળા મુદ્દો રસ્તા રોકો આંદોલન કર્યું હતું. પોલીસે આ આંદોલનમાં ૮૬ લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી. ત્યારે પોલીસે કરેલી કાર્યવાહી અને નાળાની માંગ સાથે મુદ્દે ડભાસી ગામ લોકોએ મતદાનનો બહિષ્કાર કર્યો છે. બોચાસણ-૭ જિલ્લા પંચાયત અને વેહરા- ૨૦ તાલુકા પંચાયત બેઠક હેઠળ ડભાસી ગામ આવે છે.

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ઉચાકલમ ગામના આ મતદાન મથક ઉપર ૫૧૩ મતદાર પૈકી અત્યારસુધી ગામના એકપણ વ્યક્તિએ મતદાન નથી કર્યું, ગામલોકોએ મતદાન બહિષ્કારની અગાઉથી જ ચીમકી આપી હતી, ગામલોકોનું કહેવું છે કે સંખેડા તાલુકાનું વિભાજન થતા તેમના ગામને બોડેલી તાલુકામાં સમાવવામાં તો આવ્યો પણ ગામમાં ૮ વર્ષ બાદ પણ ગ્રામ પંચાયત અસ્તિત્વમાં નથી ,જેને લઈ ગામનો વિકાસ રૂંધાયો છે, દરેક સરકરી કામમાં ગામલોકોને અગવડતા પડી રહી છે. ગામ લોકો લોકસભા, વિધાનસભા અને તાલુકા -જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં મતદાન કરે છે, પણ ગામમા આજસુધી સરપંચની ચૂંટણી નથી યોજાઈ. ગ્રામજનોનું કહેવું છે કે જ્યાં સુધી તેમના ગામમાં સ્થાનિક સ્વરાજ્ય નહીં અપાય ત્યાં સુધી તેઓ મતદાન નહીં કરે અને એટલે જ આજે બપોરે સુધી ગામના આ મતદાન મથકમાં ગામના એક વ્યક્તિએ મતદાન નથી કર્યું. અમરેલીના બગસરા તાલુકાના ખીજડિયા ગામમાં મતદાનનો બહિષ્કાર કરાયો છે. ખીજડિયા ગામમાં અનેક પ્રશ્નો મુદ્દે ગ્રામજનોમાં રોષ જોવા મળ્યો છે. તંત્ર અને નેતાઓ ની સમજાવટ બાદ પણ ગ્રામજનો મતદાન ન કરવા મક્કમ બન્યા છે. ખીજડિયા ગામમાં ૨૦૦ થી વધુ મતદાતા છે. ત્યારે ખીજડિયાથી હામાપુરને જોડતો પુલ તેમજ લુવારા ગામની ઘટનામા ન્યાયિક તપાસની માંગ સાથે લોકોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો છે.

ભુજ તાલુકાનું સાડા પાંચ હજાર વસ્તી ધરાવતા દેશલપર ગામે સઙ્ઘડ બંધ પાડી ચૂંટણી બહિષ્કાર કર્યો છે. ખાનગી ટ્રસ્ટ ને તંત્ર દ્વારા જમીન ફાળવી આપતા ગામલોકોએ વિરોધ દર્શાવેય છે. ત્યારે ગામના બંને બુથ પર ૦ ટકા વોટિંગ થયું છે. જિલ્લા સાંસદ સહિતના મોવડી મંડળની સમજાવટ પણ સફળ નિવડી નથી. ભૂજ તાલુકાનું અંદાજિત સાડા પાંચ હજાર વસ્તી ધરાવતા ગામમા આજે ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કાર કરી મતદાન પ્રક્રિયાથી અળગા રહ્યા છે અને ગામમા આવેલા બે બુથ પર જિલ્લા ૫ અને તાલુકા ૫ માટે એક પણ વ્યક્તિએ મતદાન કર્યું નથી. અગાઉ વહીવટી તંત્ર દ્વારા ગામની મોટી જમીન એક ખાનગી ટ્રસ્ટને ફાળવી દીધી છે. જેનો વિરોધ કરાયો અને ચૂંટણી બહિષ્કારની બેનરો લગાવી જાહેરાત પણ કરવામાં આવી હતી. જે આ અનુસંધાને ગઈ કાલ મોડી રાત્રિ સુધી સાંસદ વિનોદ ચાવડા, અને દેશલપર ગામનાનજ જિલ્લા ભજપ પ્રમુખ કેશુભાઈ પટેલ સહિતના મોવડી મંડળે ગ્રામજનોને મતદાન કરવા માટેની સમજાવટ રૂપી બેઠક પણ કરી હતી. જે નિરર્થક નીવડતા આજે આ ગામે ચૂંટણીનો બહિષ્કાર કર્યો છે.

સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં રાજ્યમાં અનેક જગ્યાએ ઘર્ષણ

રાજ્યમાં આજે પણ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે અનેક જગ્યાએ ઘર્ષણ થયા હોવાના અહેવાલ : દાહોદ-ઝાલોદમાં બૂથ કેપ્ચરિંગનો મામલો સામે આવ્યો

અમદાવાદ, તા. ૨૮

રાજ્યભર માં આજે પણ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે અનેક જગ્યાએ ઘર્ષણ થયા હોવાના અહેવાલો છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતદાન દરમિયાના ઝાલોદ તાલુકાના ઘોડીયામાં બૂથ કેપ્ચરિંગનો મામલો સામે આવ્યો છે. અહીં કેટલાક લોકોએ મતદાન સેંટરમાં ઘુસીને ઈવીએમ મશીન તોડી દીધા હતા. ૨ થી ૩ લોકો મતદાન સેન્ટરમાં ઘૂસીને બુથ કેપ્ચરિંગનો પ્રયાસ કર્યો હતો. ઘટના બનતા દાહોદ જીલ્લા પોલીસ વડા રેન્જ આઈ જી સહીતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો છે. પોલીસે ઘટના સ્થળે પહોચી પરિસ્થિતિ ઉપર કાબૂ મેળવી લીધો છે. હાલ મતદાન બંધ કરી દેવામાં આવ્યું છે.

તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીના મતદાન વખતે ગુજરાતમાં ઘણી જગ્યાએ નાના મોટી માથાકૂટ અને હોબાળાની ઘટનાઓ સર્જાઇ હતી. જેમાં નવસારી નગરપાલિકાના વોર્ડ નંબર ૪માં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ, મતદાન મથકમાં પ્રવેશને લઈને જીભાજોડી થતા પોલીસે મામલો સંભાળ્યો હતો. ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ સમજાવટથી મામલો થાળે પાડયો હતો.

બનાસકાંઠાના ભાભર અને પાલનપુરમાં ઘર્ષણ સર્જાયું હતું. જેમાં પાલનપુર નગરપાલિકાની ચૂંટણી દરમિયાન બે જૂથો આમને સામને, પાલનપુર વોર્ડ નંબર ૬ ના ગઠામણ દરવાજા પાસે બબાલ થઇ, ઘટનાના પગલે છજીઁ સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો, મતદાન મથક પાસે જ બબાલ થતાં પોલીસે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ ન કથળે તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે. તો બીજી તરફ ભાભરના વોર્ડ એકમાં લુદરિયા વાસ શાળા નંબરમાં ઉમેદવારો વચ્ચે બોલા ચાલી થઇ હતી. ડેમો ઈવીએમ બાબતે બોલાચાલી થઇ હતી. પોલીસેને ઘટના સ્થળે દોડી આવી મામલો થાળે પાડયો હતો. કોંગ્રેસ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, ગુલાબસિંહ રાજપૂત સહિતના આગેવાનો ભાભર વોર્ડ નંબર એકમાં દોડી આવ્યા હતા.

વિરમગામ નગરપાલિકાની ચૂંટણીમાં મતદાન વખતે મારામારી અને પથ્થરમારાના દ્રશ્યો સર્જાયા હતા. વિરગામના વોર્ડ નંબર ૮ના એમ જે હાઈસ્કૂલની બહાર ભાજપ અને અપક્ષ ઉમેદવારોના ટોળા વચ્ચે મારામારી થઇ હતી.

મારામારીના દ્રશ્યો સર્જાતા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આ દરમિયાન પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પણ પડી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આજે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પગલે હાલ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીનું મતદાન ચાલી રહ્યું છે. ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૧ તાલુકા પંચાયતો અને ૮૧ નગર પાલિકાની ચૂંટણીનું મતદાન શરૂ થયું છે.

૩૧ જિલ્લા પંચાયતની ૯૮૦ બેઠકો માટે મતદાન ચાલી રહ્યું છે. ૩૧ જિલ્લા પંચાયતની ૯૮૦ બેઠકોમાંથી ૨૫ બેઠક બિનહરીફ થઈ છે. ૩૧ જિલ્લા પંચાયતની ૯૮૦ બેઠકો પર ૨૬૫૫ ઉમેદવારો મેદાનમાં છે, જેમાં ભાજપના ૯૫૫ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે.

જ્યારે કે, ૨૩૧ તાલુકા પંચાયતની ૪૭૭૪ બેઠક પર મતદાન શરૂ થઈ ગયું છે. ૨૩૧ તાલુકા પંચાયતની ૪૭૭૪ બેઠક પર ૧૧૭ બેઠક બિનહરીફ થઈ છે. ૨૩૧ તાલુકા પંચાયતની ૪૭૭૪ બેઠક પર ૧૨,૨૬૫ ઉમેદવારો મેદાનમાં છે, જેમાં ભાજપના ૪,૬૫૭ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ૮૧ નગરપાલિકાની ચૂંટણીનું પણ મતદાન શરૂ થઈ ગયું છે. ૮૧ નગર પાલિકાની ૨૭૨૦ બેઠકો પર મતદાન શરૂ થઈ ગયું છે. ૮૧ નગરપાલિકાની ૨૭૨૦માંથી ૯૫ બેઠક બિનહરીફ થઈ છે. ૮૧ નગરપાલિકામાં ૭૨૪૬ ઉમેદવારો મેદાનમાં છે. ૨ માર્ચે ચૂંટણીનું પરિણામ આવશે.

પ્રાંતિજ પોલીસે રોડ ઉપર અડચણ રૂપ બાઈક માલિક સામે ગુનો નોધી તપાસ હાથ ધરાઈ

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ બજાર ચોક ખાતે પ્રાંતિજ પોલીસ પેટ્રોલિંગ માં હતી તે દરમ્યાન પ્રાંતિજ બજાર ચોક વિસ્તાર માં રોડ ઉપર રસ્તા વચ્ચે અડચણ રૂપ રીતે બાઈક ઉભી રાખી હોય પ્રાંતિજ પોલીસ દ્વારા હિરોહોન્ડા બાઈક- ય્ત્ર૦૯ ઙ્ઞઊઁ ૦૦૭૦ ના માલિક પિનાકીનભાઈ જયંતિભાઈ પટેલ રહે. તારાપુર પેટ્રોલ પંપ ની બાજુમા , તાજપુર દ્વારા પોતાનું બાઈક રોડ ની વચ્ચે અડચણ થાય તે રીતે રોડ વચ્ચે ઉભુ રાખી મળી આવતાં પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૨૮ -૩ મુજબ ગુનોનોધી આગળ ની કાર્યવાહી હાથધરી હતી.

ટ્યૂકડી જાહેર ખબર
જોઈએ છે
પેટ્રોલ / ડીઝલ / CNG ભરવા માટે માણસો જોઈએ છે.
સંપર્ક
પ્રિન્સ ગેસોલીન
(IOC Petrol Pamp)
રાયસણ પાટીયા
મો. ૯૮૭૯૫૩૦૦૩૨, ૯૯૨૫૧૨૬૫૪૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ